RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 26, Dt.11-04-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજ્યમાં લોકસભા ચૂંટણી માટે કાલથી ઉમેદવારીનો પ્રારંભ




## આવતીકાલથી નોટીફીકેશન જાહેર થશેઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી લઈ રંગ જામ્યોઃ ત્રીજા તબકકા માટે કાલથી ઉમેદવારી પત્રો ભરાશેઃ રાજ્યમાં ૭મેના રોજ મતદાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવતીકાલથી લોકસભા ચૂંટણી માટે નોટિફિકેશન જાહેર થશે. જેમાં ત્રીજા તબક્કા માટે કાલથી ઉમેદવારી પત્રો ભરાશે. ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર આવતીકાલથી ઉમેદવારી પત્રો ભરી શકાશે. જેમાં ૭ મે ના રોજ મતદાન થશે. તથા ઉમેદવારી પત્રો ભરવાની સાથે જ તમામ પક્ષના નેતાઓના પ્રચાર તેજ થશે. અને કેન્દ્રીય નેતાઓના ચૂંટણી પ્રવાસ વધશે. અમિત શાહ ૧૯ એપ્રિલે ઉમેદવારી ફોર્મ ભરશે. તેમજ ૧૭ એપ્રિલે અમિત શાહ ગુજરાત આવશે. જેમાં ૧૮ એપ્રિલે ૩ તબક્કામાં રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે. ૭ વિધાનસભામાં ૪ કિ.મી.નો રોડ-શો યોજશે. જેમાં ૧૯ એપ્રિલે અમિત શાહ જનસભાને સંબોધિત કરશે. તેમજ જનસભા બાદ અમિત શાહ ઉમેદવારી ફોર્મ ભરશે. જેમાં ગાંધીનગર કલેક્ટર કચેરીએ ઉમેદવારી ફોર્મ ભરશે.લોકસભાની ચૂંટણીને લઈ જંગ જામ્યો છે. જેમાં અમદાવાદમાં ભાજપના ઉમેદવારો ૧૫, ૧૬ એપ્રિલે ફોર્મ ભરશે. તેમાં અમદાવાદ પૂર્વના ઉમેદવાર ૧૫ એપ્રિલે ફોર્મ ભરશે. તથા અમદાવાદ પૂર્વના ઉમેદવાર હસમુખ પટેલ જિ.પં.માં ફોર્મ ભરશે. તેમજ અમદાવાદ પશ્ચિમના દિનેશ મકવાણા ૧૬ એપ્રિલે ફોર્મ ભરશે. જેમાં મધ્યસ્થ કાર્યાલયમાં સભા સંબોધ્યા બાદ ફોર્મ ભરવા જશે. શહેરની ૨ લોકસભાનાં ભાજપમાં ઉમેદવાર ૧૫ અને ૧૬ તારીખે ફોર્મ ભરશે. હસમુખ પટેલ જિલ્લા પંચાયત જ્યારે દિનેશ મકવાણા કલેકટર કચેરી ખાતે ઉમેદવારી નોંધાવશે. મધ્યસ્થ કાર્યાલય ખાતે નાની સભા સંબોધ્યા બાદ ફોર્મ ભરવા જશે.

# હરિયાણામાં માર્ગ અકસ્માતમાં ૮ બાળકોના મોતઃ ૧૫થી વધુ ઘાયલ

## ઘટનાનો ભોગ બનનાર બસ એક ખાનગી શાળાની હતી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હરિયાણાના મહેન્દ્રગઢમાં એક ભીષણ માર્ગ અકસ્માતમાં આઠ બાળકોના મોત નીપજ્યા છે. ગુરુવારે સવારે એક સ્કૂલ બસ બેકાબૂ થઈને પલટી ગઈ હતી. આ બસમાં લગભગ ૩૫થી ૪૦ બાળકો સવાર હતાં. ઘટના બાદ તેમાંથી ૧૫ બાળકોને ઈજા પહોંચી છે, જેમને નજીકના હોસ્પિટલ ખસેડાયા છે. આ બાળકોમાંથી ગંભીર રીતે એક ઈજાગ્રસ્ત બાળકને વેન્ટિલેટર પર રખાયો હતો. જોકે, થોડા સમય બાદ તેનું પણ મૃત્યુ થયું હતું.



પોલીસના જણાવ્યા અનુસાર ઘટના મહેન્દ્રગઢ જિલ્લાના કનીના વિસ્તારની છે. ઘટનાનો ભોગ બનનાર બસ એક ખાનગી સ્કૂલની છે. ઘટનામાં લગભગ ૧૫ બાળકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટના કનીબા વિસ્તારના નજીકના કનીના-દાદરી રોડ પર ઘટી હતી.

આ ઘટના બાદ તાત્કાલિક સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિકોનો દાવો છે કે બસ ડ્રાઈવર નશાની હાલતમાં હતો. થોડા સમય બાદ પોલીસ અને તંત્રની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ અને રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન ઈજાગ્રસ્ત બાળકોને સારવાર માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. સ્થાનિક લોકોના આરોપ બાદ પોલીસ એ વાતની પણ તપાસ કરી રહી છે કે શું બસ ડ્રાઈવર નશામાં હતો કે કેમ?મળતી માહિતી અનુસાર ઘટનાનો શિકાર થયેલી બસ ઉન્હાંની ગામની પાસે પલટી છે. આ બસ ખાનગી સ્કૂલની હતી. આજે સરકારી રજા હોવા છતાં સ્કૂલ ચાલુ હતી અને બાળકોને લેવા માટે સ્કૂલમાંથી બસ મોકલવામાં આવી હતી.

# ભારતનો જીડીપી ગ્રોથ આ વર્ષે ૭ ટકા રહેશે

## એશિયન ડેવલપમેન્ટ બેંકે આશાવાદ વ્યકત કર્યોઃ મેન્યુફેકચરીંગ અને સર્વિસ સેકટરમાં ઝડપી અને મજબુત ગ્રોથ નોંધાયેલ છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એશિયન ડેવલપમેન્ટ બેન્કે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો જીડીપી ગ્રોથ અંદાજ ૦.૩ ટકા વધારી ૭ ટકા કર્યો છે. એડીબીએ અગાઉ ૬.૭ ટકાનો અંદાજ આપ્યો હતો. દેશમાં ખાનગી અને જાહેર ક્ષેત્રોમાં રોકાણો વધવાની સાથે માગ વધવાની શક્યતા દર્શાવી છે. જેના પગલે ગ્રોથ અંદાજ વધાર્યો છે.

ભારતના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાં ઝડપી અને મજબૂત ગ્રોથ નોંધાયો છે. ગ્રાહકોની માગમાં પણ સુધારાના કારણે એકંદરે ગ્રોથમાં સુધારો જોવા મળ્યો છે. ફુગાવામાં ઘટાડાના પગલે મોનેટરી પોલિસીમાં પણ સુધારાનો આશાવાદ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે એડીબીએ જીડીપી ગ્રોથ અંદાજ ૭.૨ ટકા નિર્ધારિત કર્યો છે.




તાજેતરમાં જ વર્લ્ડ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે જીડીપી ગ્રોથ અંદાજ ૦.૨ ટકા વધારી ૬.૬ ટકા કર્યો છે. વર્લ્ડ બેન્કે ગત નાણાકીય વર્ષ માટે ભારતનો જીડીપી અંદાજ ૧.૨ ટકા વધારી ૭.૫ ટકા કર્યો છે. વર્લ્ડ બેન્કે સર્વિસ અને ઈન્ડસ્ટ્રીયલ સેક્ટરમાં તેજીની શક્યતા દર્શાવતાં અંદાજ વધાર્યો હોવાનું જણાવ્યું છે. આરબીઆઈએ રિઅલ જીડીપી ગ્રોથ અંદાજ ૬.૭૦ ટકાથી સુધારી ૭ ટકા કર્યો હતો. રિટેલ મોંઘવારીનો અંદાજ પણ ૪.૫ ટકા નોંધાવ્યો હતો.

ભારતનું અર્થતંત્રે ૨૦૨૨-૨૩માં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેગમેન્ટમાં મજબૂત ગ્રોથ સાથે નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી હતી, ત્યારથી અત્યારસુધીમાં આકર્ષક ગ્રોથ સાથે વેગવાન બન્યું છે. આગામી ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં પણ આ મોમેન્ટમ જળવાઈ રહેવાનો આશાવાદ છે. દેશમાં વપરાશ માગમાં સતત સુધારાની સાથે રોકાણો વધી રહ્યા છે. ફુગાવો પણ નિયંત્રણ હેઠળ હોવાની સાથે વૈશ્વિક વલણો પણ સકારાત્મક જણાઈ રહ્યા છે.

દેશની આર્થિક સ્થિતિને ટ્રેક કરવા માટે ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ (જીડીપી)ની ગણતરી કરવામાં આવે છે. જે તમામ ગુડ્સ અને સર્વિસિઝના મૂલ્યો દર્શાવે છે. જેમાં દેશમાં ઉત્પાદન કરતી વિદેશી કંપનીઓને પણ આવરી લેવામાં આવે છે.

અઉઇ દ્વારા જારી કરવામાં આવેલી તેની નોટમાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતીય અર્થવ્યવસ્થા ખૂબ જ મજબૂત રહી. આગામી નાણાકીય વર્ષમાં પણ આ ચાલુ રહી શકે છે. અર્થવ્યવસ્થાને મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાંથી સૌથી વધુ ટેકો મળી રહ્યો છે.

માંગની સાથે વપરાશ પણ વધી રહ્યો છે અને મોંઘવારી ઘટવાને કારણે જીડીપી વળદ્ધિ દર મજબૂત થઈ રહ્યો છે.

રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનો જીડીપી ગ્રોથ ૭.૨ ટકા રહી શકે છે. જોકે, વિશ્વની અન્ય મોટી અર્થવ્યવસ્થાઓમાં મંદીના કારણે નિકાસ સામાન્ય રહી શકે છે. જોકે, આવનારા સમયમાં આમાં સુધારો થઈ શકે છે.ચાલુ નાણાકીય વર્ષ માટે અઉઇ દ્વારા જાહેર કરવામાં આવેલ વળદ્ધિ દરનો અંદાજ આરબીઆઈ દ્વારા જાહેર કરાયેલ અંદાજની બરાબર છે. સેન્ટ્રલ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે જીડીપી ગ્રોથ ૭ ટકાનો અંદાજ મૂકયો છે.

આરબીઆઈ દ્વારા જીડીપીને મજબૂત બનાવવાનું કારણ ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં તેજી સાથે આ વર્ષે સામાન્ય ચોમાસું છે, જેના કારણે અર્થવ્યવસ્થાનો વિકાસ ચાલુ રહેશે.

# વિશ્વને બચાવવા હવે માત્ર બે વર્ષનો સમય બાકીઃ યુનોએ આપી ચેતવણી

## ૨૦૨૫ સુધીમાં ગેસ ઉત્સર્જન પર નિયંત્રણ નહીં આવે તો પૃથ્વીની હાલત બગડી જશે

**મુખ્ય સમાચાર, ઓકસફર્ડ**

કલાયમેટ ચેન્જ- ગ્લોબલ વોર્મિંગથી બચવા માટે દુનિયાના લોકો પાસે હવે માત્ર બે વર્ષનો સમય છે અને પૃથ્વી-જીવનને બચાવવુ હોય તો તાબડતોડ નકકર કદમ ઉઠાવવા પડે તેવી ચેતવણી યુનોની જલવાયુ સમીતીના પ્રમુખ સાઈમન સ્ટીલ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

તેઓએ કહ્યું કે પ્રદુષણ નિયંત્રીત કરવા માટે દુનિયાના દેશોને ૨૦૨૫ સુધીનો સમય આપવામાં આવ્યો છે. દુનિયાને બચાવવા માટે બે વર્ષનો જ સમય હોવાનું કહેવું ખોટુ નથી.



ગેસ ઉત્સર્જન ઘટાડવા માટે બહુ ઓછો સમય છે. આ માટે બનાવવાના એકશન પ્લાન માટે નાણાંકીય ફાળવણી માટે પણ હવે બહુ ઓછો સમય છે.

તેઓએ કહ્યું કે અમારી (યુનો) ચેતવણી નાટકીય લાગતી હોવા છતાં વાસ્તવિકતા એ છે કે જલવાયુ પરિવર્તન સામે બે વર્ષમાં નકકર અને નિર્ણાયક કામગીરી અત્યંત જરૂરી બની ગઈ છે. જલવાયુ સચિવ સાયમન સ્ટીલે ગેસ ઉત્સર્જન ઘટાડવા માટે ગ્રીન હાઉસ બનાવવા પર ભાર મુકયો હતો. ગેસ ઉત્સર્જન રોકવા માટે હજુ સમય છે અને તે માટે નકકર-મજબૂત કદમ ઉઠાવવા પડશે.

તેઓએ વિકસીત તથા આર્થિક રીતે સદ્ધર દેશોને કલાયમેટ ચેન્જની અસરો રોકવા માટેના એકશન પ્લાનને કાર્યાન્વિત કરવા નાણાંકીય મદદ કરવાનું આહવાન કર્યુ હતું. આર્થિક રીતે શક્તિશાળી નજી૨૦' દેશોએ આ માટે આગળ આવવુ પડશે. દુનિયામાં ઉત્સર્જનને કારણે વધતા તાપમાન માટે ૮૦ ટકા જવાબદારી આ દેશોની જ છે. ધરતી પર કાર્બન તથા મિથેનનું ઉત્સર્જન વર્તમાન ગતિએ વધતા રહેવાના સંજોગોમાં પૃથ્વીની હાલત બગડી જશે.

# ભારતની પ્રગતિ હવે રોકી શકાશે નહીંઃ નરેન્દ્ર મોદી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યુઝવીક સાથેની મુલાકાતમાં જણાવ્યું કે ભારત હવે જે ઝડપે આગળ વધી રહ્યું છે તેથી તેને રોકી શકાશે નહી. મોદીએ આ મુલાકાતમાં ભારતમાં લોકતંત્ર મુદ્દે પણ વાતચીત કરી હતી. શ્રી મોદીએ ચીન અને પાકિસ્તાન સાથેના સંબંધોનો ઉલ્લેખ કરતા ભારત અને ચીન વચ્ચે સ્થિર અને શાંતિપૂર્ણ સંબંધો જરૂરી છે અને તે પુરા વિશ્વ માટે મહત્વના છે.



તમામે કહ્યું કે ભારતની પ્રગતિને હવે રોકી શકાશે નહી. ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થા અને મજબૂત થતી જતી ડિપ્લોમેટીક- વૈજ્ઞાનિક અને સૈન્ય તાકાતથી ભારત એક મહાશક્તિ બનીને ઉભરી છે. પાકિસ્તાન સાથેના સંબંધો અંગે મોદીએ કહ્યું કે ત્યાં નવા વડાપ્રધાને પદ સંભાળતા જ મે તેમને અભિનંદન આપ્યા હતા અને તેમને કહ્યું કે ભારત હંમેશા આતંક અને હિંસાથી મુક્ત માહોલમાં શાંતિ-સુરક્ષા અને સમૃદ્ધિને આગળ વધારવા ટેકો આપે છે.

કાશ્મીરમાં કલમ ૩૭૦નો અમલ રદ કરવા અંગેના નિર્ણયની જે ટીકા થાય છે તેનો જવાબ આપતા વડાપ્રધાને કહ્યું કે હું આપને કહું છું કે ખુદ ત્યાં જઈને જોઈ આવો, કે જમીની હકીકત કેવી બદલી છે કોઈ શું કહે છે તેના પર જતા નહી. હું ગત મહિને જ આ પ્રદેશમાં ગયો હતો અને આ રાજયના લોકોમાં નવી આશા સર્જાઈ છે.

# ગઇ કાલે ઈઝરાયેલના હુમલામાં હમાસના વડા ઈસ્માઈલ હનીયેહના ૩ પુત્રો અને ૨ પૌત્રોના મોત

**મુખ્ય સમાચાર, કૈરો**

પેલેસ્ટિનિયન ઇસ્લામવાદી જૂથ અને હનીયેહના પરિવારે જણાવ્યું હતું કે, બુધવારે ગાઝામાં ઇઝરાયેલી હવાઈ હુમલામાં હમાસના નેતા ઇસ્માઇલ હનીહના ત્રણ પુત્રો માર્યા ગયા હતા. હમાસે જણાવ્યું હતું કે ગાઝાના અલ-શાતી કેમ્પમાં તેઓ જે કાર ચલાવી રહ્યા હતા તેના પર થયેલા બોમ્બ હુમલામાં તેમના ત્રણ પુત્રો હાઝેમ, અમીર અને મોહમ્મદ માર્યા ગયા હતા. હમાસ મીડિયાએ જણાવ્યું હતું કે હુમલામાં હનીહના બે પૌત્રો પણ માર્યા ગયા હતા અને ત્રીજો ઘાયલ થયો હતો.



હનીયેહે પાન-અરબ અલ જઝીરા ટીવીને કહ્યું કે અમારી માંગણીઓ સ્પષ્ટ છે અને અમે છૂટ આપીશું નહીં. દુશ્મન મૂંઝવણમાં આવશે જો તે વિચારે કે વાટાઘાટોની ઊંચાઈએ મારા પુત્રોને નિશાન બનાવવું અને ચળવળ જવાબ મોકલે તે પહેલાં હમાસને તેની સ્થિતિ બદલવા માટે દબાણ કરશે.

હનીએ કહ્યું કે મારા પુત્રોનું લોહી આપણા લોકોના લોહીથી વધુ પ્રિય નથી. હમાસે મંગળવારે કહ્યું કે તે ઇઝરાયેલી યુદ્ધવિરામ પ્રસ્તાવનો અભ્યાસ કરી રહ્યું છે, પરંતુ તે ''કટ્ટરવાદી'' છે અને પેલેસ્ટાઇનની કોઈપણ માંગને પૂર્ણ કરતું નથી.


હનીહ હમાસની આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરીનો અઘરો ચહેરો છે. કારણ કે ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલ સાથે યુદ્ધ ફરી શરૂ થયું છે, જ્યાં નવેમ્બરમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં તેમના પરિવારનું ઘર નાશ પામ્યું હતું.યુદ્ધના સાતમા મહિનામાં, જેમાં ઇઝરાયેલી હવાઈ અને જમીની હુમલાઓએ ગાઝાને તબાહ કરી દીધું છે, હમાસ ઇઝરાયેલી લશ્કરી કામગીરીને સમાપ્ત કરવા અને વિસ્થાપિત પેલેસ્ટિનીઓને ઘરે પાછા ફરવા દેવા માંગે છે.ઇઝરાયેલ સમગ્ર હમાસ નેતૃત્વને આતંકવાદી માને છે, અને હનીયેહ અને અન્ય નેતાઓ પર ''હમાસ આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા હોવાનો આરોપ મૂકે છે.'' તે સ્પષ્ટ નથી કે તે જાણીતું હતું કે કેમ. હુમલાની યોજના, હમાસ લશ્કરી પરિષદ દ્વારા ઘડવામાં આવી હતી. ગાઝા, એટલું નજીકથી ગુપ્ત હતું કે વિદેશમાં હમાસના કેટલાક અધિકારીઓ તેના સમય અને સ્કેલથી આશ્ચર્યચકિત હતા.

# કેસર કેરીનું આગમનઃ જુનાગઢ યાર્ડમાં કેરીના બે હજાર બોકસની પ્રથમ આવક

## પાંચ કિલો બોકસનો ભાવ રૂ.૬૦૦થી ૧૦૦૦ બોલાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોરઠની શાન સમાન ફળોની મહારાણી ગણાતી કેસર કેરી આ વર્ષે મોડી બજારમાં આવી છે. ગત વર્ષ માર્ચ માસમાં આવક શરૂ થઈ જવા પામી હતી આ વખતે એપ્રિલના બીજા સપ્તાહમાં આગમન થવા પામ્યું છે. જુનાગઢ યાર્ડમાં ચાર દિવસમાં ઉના પંથકમાંથી કેસર કરી આવી રહી છે. બે હજાર બોકસની આવક થયાનું યાર્ડ દ્વારા જણાવાયું છે.



ગત વર્ષે મબલક પાક થતા આંબાઓ નીચોવાઈ ગયા હતા. આ વર્ષે વાતાવરણ, પ્રતિકુળ ન રહેવા પામ્યું ઠંડી ન પડવાથી સમયસર મોર આંબે આવ્યા ન હતા. જેથી કેરી બજારમાં મોડી આવી છે. માર્ચના બદલે એપ્રિલમાં તે પણ ખુબજ ઓછી આવક થવા પામી છે. ચાર દિવસ પહેલા ૫ કિલોના ૧૪૫૦ બોકસ બાદ દરરોજ ૩૦૦ જેટલા બોકસની આવક શરૂ થઈ છે.

૫ કિલો બોકસનો ભાવ રૂા.૬૦૦થી ૧૦૦૦ બોલાઈ રહ્યો છે. ઉના તથા ગરાળ પંથકમાંથી ખેડુતો કેરી વેચાણ માટે લાવતા રાજકોટ અમદાવાદ વડોદરા સહિતના વેપારીઓ બોકસ લઈ જાય છે.

તાલાલાની કેસર પણ હવે થોડા દિવસોમાં બજારમાં આગમન થઈ જશે.

હાલ એક કીલોનો ભાવ રૂા.૧૨૫થી ૨૦૦ બોલાઈ રહ્યો છે. આ વર્ષે ઉના પંથકની કેરીની આવક ધમી શરૂ થવા પામી છે ગત વર્ષ કરતા ત્રણ ગણો ભાવ બોલાઈ રહ્યો છે.

# જામનગરમાં પ્રાથમિક સુવિધા આપવાની જોગવાઈનું બિલ્ડર દ્વારા ઉલ્લંઘન કરાયાનો રહેવાસીઓનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મધુરમ સોસાયટીના મકાનોના બાંધકામની મંજૂરી સામે પ્રશ્નો ઉઠાવતા નગરસેવિકા નંદાણીયા જામનગર વોર્ડ ૪માં મધુરમ સોસાયટી બીલ્ડર્સ દ્વારા અનેક બંગલા બનાવાયા પછી પ્રાથમિક સુવિધાના નામે મીંડુ હોય રહેવાસીઓ મુશ્કેલીમાં મુકાતા કોર્પોરેટરે મંજૂરી અંગે સવાલ કર્યા છે. બંગલા જોઈને ખરીદનારાને ચેતવ્યા છે.બિલ્ડર્સની સુવિધા આપવાની જવાબદારી અંગે તપાસ કરીને ખરીદ કરવા અપીલ કરી છે.જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ચારમાં નવો ભરેલો વિસ્તાર મધુરમ રેસિડેન્સી આવેલ છે. ત્યાં છેલ્લા એક મહિનાથી એ લોકો



કોર્પોરેશનને અને બિલ્ડરને રજૂઆત કરે છે પણ કોઈ ધ્યાન દેતું નથી લોકોને ભૂગર્ભ ગટરનું પાણી છલકાઈ અને રોડ ઉપર આવી ગયું છે.બીલ્ડર્સ દ્વારા અનેક બંગલા બનાવી ને વહેંચી રહયા છે. પરંતુ પ્રાથમિક સુવિધાની સમસ્યા છે.તેવી ફરિયાદ રહેવાસીઓએ કોર્પોરેટર સમક્ષ કરતા કોર્પોરેટર રચનાબેને બંગલા ખરીદતાં પહેલા ચેતવ્યા છે. મંજૂરી અંગે પણ સવાલ ઉઠવ્યા છે. આજે હું ત્યાં જઈ અને એન્જિનિયર ને બોલાવી રજૂઆત કરી છે એક અઠવાડિયાનો ટાઈમ લીધો છે.જો એક અઠવાડિયામાં એ કામ નહીં કરે તો એ ભૂગર્ભ ગટરનું પાણી જે રોડ ઉપર ભરેલું છે એમાં ત્યાંના લોકો સાથે જ ગટરના પાણીમાં બેસી જશેતેવી ચીમકી પણ કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ આપી છે.

# જામનગરમાં બંધ મકાનમાં ચોરી કરનાર આરોપી મધ્યપ્રદેશમાંથી એલસીબીના હાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રાત્રિના સમયે બંધ મકાનમાં ચોરી કરનાર એક શખ્સને એલસીબીએ મધ્યપ્રદેશમાંથી પકડી પાડ્યો છે. તેની ટોળકીના અન્ય પાંચ શખ્સની શોધખોળ કરવામાં આવી રહી છે.જામનગર શહેરમાં રાત્રિના સમયે બંધ મકાનમાં ચોરી થઈ હતી. તે ગુન્હાની તપાસ શરૂ થયા પછી એલસીબીએ તેમાં ઝૂકાવ્યું હતું. પીઆઈ વી.એમ. લગારીયાના વડપણ હેઠળ



પીએસઆઈ આર.કે. કરમટા તથા સ્ટાફે ટેકનિકલ એનાલિસીસ હાથ ધરતા મધ્ય પ્રદેશના ધાર જિલ્લાના કુકસી તાલુકાના જાઈ ગામના લાલુસીંગ ઈન્દરસીંગ મંડલોઈ ની સંડોવણી ખૂલી હતી.ત્યારપછી પીએસઆઈ કરમટા અને સ્ટાફના ધાનાભાઈ, વનરાજ મકવાણા, અરજણભાઈ, ક્રિપાલસિંહ, ધર્મેન્દ્રસિંહ, કિશોર પરમાર, બિજલ બાલસરા મધ્યપ્રદેશ દોડી ગયા હતા. ત્યાંથી આ શખ્સની અટકાયત કરાઈ છે.જામનગર ખસેડવામાં આવેલા આ શખ્સના કબજામાંથી રૂ. ૩૨૦૦ રોકડા, એક મોબાઈલ મળી આવ્યો છે. આરોપીએ ચોરીની કબૂલાત કરી પોતાના સાગરિત જાઈ ગામના જ અનિલ ગુમાન મકવાણા, ઘોટીયા ગામના રાજુ સુમાલસીંગ પંચાલ, દીપક સુમાલસીંગ પંચાલ, પ્રભુ તથા એક અજાણ્યા શખ્સ વિશે માહિતી આપી છે. એલસીબીએ આ પાંચેય શખ્સને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

## જામનગર જિલ્લાની સરકારી પોલિટેકનિક કોલેજ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બાઈક રેલી યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર , આગામી લોકસભા ૨૦૨૪ની ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે આજ રોજ સરકારી પોલિટેકનિક જામનગર ખાતે યુવાનોમાં મતદાનના મહત્વ અંગે જાગૃતિ આવે તે હેતુથી બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું



હતું. રેલીમાં વિદ્યાર્થીઓ, ફેકલ્ટીઓ આચાર્ય અને વિવિધ વિભાગોના વડાઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સરકારી પોલિટેકનિક કોલેજનાં સામૂહિક પ્રયત્નો થકી મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બાઇક રેલીનું આયોજન સફળ રહ્યું હતું.બાઇક રેલીમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# જામનગરમાં વિચિત્ર સાયલેન્સર ફીટ કરી સીન જમાવતા બાઈક ચાલકો સામે પોલીસની લાલ આંખ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સાંકળા માર્ગો પર ચિત્ર વિચિત્ર અવાજ કરતા સાયલેન્સર ફીટ કરાવી દોડાદોડ કરતા બુલેટ મોટરસાયકલ ચાલકોને કાયદાનું ભાન કરાવવા માટે ટ્રાફિક શાખાએ વિવિધ વિસ્તારોમાં ડ્રાઈવ ગોઠવી હતી. જેમાં ૨૦ બુલેટ મોટરસાયકલ ઝડપાઈ ગયા હતા. પોલીસની કાર્યવાહીના પગલે સીન જમાવતા બુલેટચાલકો ફફડી ઉઠ્યા છે.

જામનગર શહેરના કેટલાક માર્ગો પર



દિવસભર અને રાત્રિના સમયે પણ કેટલાક બુલેટ મોટરસાયકલના ચાલકો સાયલેન્સર ફાટી ગયું હોય તેવા કર્કશ અવાજ સાથે સ્પીડમાં દોડાદોડી કરી સીન જમાવતા હોવાની વિગતો જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુને મળતા તેઓએ આવા વાહનચાલકોને પકડી પાડવા ટ્રાફિક શાખાને સૂચના આપી હતી. જેના પગલે પીઆઈ એમ.બી. ગજ્જરના વડપણ હેઠળ પીએસઆઈ આર.ડી. ગોહિલ, આર.એલ. કંડોરીયા, બી.જે. તીરકર, આર.સી. જાડેજાના વડપણ હેઠળ ડ્રાઈવ ગોઠવાઈ હતી.

# જામનગરમાં મરેલા ઢોરને ઉપાડવાની કામગીરી સફાઈ કામદારો પાસે નહીં કરાવવા રજૂઆત





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રાષ્ટ્રીય સફાઈ મજદૂર મહાસંઘના પ્રદેશ પ્રમુખ વિજયભાઈ બાબરિયા દ્વારા જામનગર મહાનગરપાલિકામાં કાયમી સફાઈ કામદારો કુલ ૧૩૩૪ અને અવેજી કામદારો આશરે ૮૫૦ જેટલા સફાઈની કામગીરી કરે છે અને આ બધા સફાઈ કામદારો માત્ર સફાઈની કામગીરી માટે જ ભરતી થયેલ છે.

આ સફાઈ કામદારો પાસે હાલમાં મરેલા ઢોર ઉપાડવાનું કામ પણ કરાવવામાં આવે છે તે ખૂબ જ ગંભીર બાબત છે. જે સફાઈ કામદારો મરેલા ઢોર ઉપાડે છે તે ચામડીના ગંભીર રોગોથી પીડાય છે. મરેલા ઢોરને ઉપાડતા સમયે તેના ઉપર ખૂબ જ જીવાત હોય છે તે જીવાતવાળા ઢોર સફાઈ કામદારો ઉપાડતા હોય છે. તેથી હંમેશાં તેમના શરીર ઉપર આ ગંદકી ઉપાડવાના કારણે આખું શરીર ગંધાતું હોય છે. આ કામ કરતા કરતા કોઈ મોટા ઢોર વજનવાળા હોય જેવા કે, ગાય, ભેંસ કે બળદ હાથેથી ઉપાડતા હોય છે. ત્યારે પણ સફાઈ કામદારોને કમરના મણકાની કાયમી બીમારી પણ થાય છે. બીમારીનો ભોગ બનનાર આજ દિવસ સુધી કોઈ વજનવાળું કામ નથી કરી શકતા કે નથી વાંકા વળી શકતા. જ્યારે મરેલા ઢોર ઉપાડવાનું કામ કરીને પોતાના ઘરે જતા હોય છે ત્યારે સફાઈ કામદારોના શરીર ઉપર જીવાતો અને તેમનું શરીર ખૂબ જ ગંધાતું હોય છે, તેથી તેઓના બાળકો અને પરિવારના લોકો પણ તેમની પાસે જતા સંકોચ અનુભવતા હોય છે. જેનાથી સફાઈ કામદારોના આરોગ્ય પર અને માનસિક રીતે પારિવારિક જીવન પર ખૂબ જ ખરાબ અસરો પડતી હોય છે.

# રાજકોટ પૂર્વ વિધાનસભા વિસ્તારમાં મતદાર જાગૃતિ માટે ઘરે ઘરે જઈ પત્રિકા વિતરણ કરાયું

## ઓછા મતદાનવાળા વિસ્તારોમાં ખાસ જાગૃતિ ઝુંબેશ હાથ ધરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીમાં રાજકોટ લોકસભા મત વિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે, રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. આ સાથે ગત ચૂંટણીમાં ઓછું મતદાન થયું હતું, તેવા લો વોટર ટર્નઆઉટ વાળા વિસ્તારોમાં મતદાન વધારવા માટે વિશેષ ઝુંબેશ ચલાવાઈ રહી છે.

જે અંતર્ગત, ૬૮-રાજકોટ પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં ઓછા મતદાનવાળા વિસ્તારોમાં ગતરોજ જિલ્લા પુરવઠા અધિકારી તથા રાજકોટ પૂર્વ મામલતદારના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિ અભિયાન યોજાયું હતું. જેમાં ભાગ નં ૬૨, શક્તિ પાર્ક, સેટેલાઇટ પાર્ક, ધારા એવન્યુના વિસ્તારોમાં ઝોનલ ઓફીસર તથા બુથ લેવલ ઓફિસરશ્રી દ્વારા ઘરે ઘરે જઈને આમંત્રણ પત્રિકાનું વિતરણ કરીને મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા.

જ્યારે ભાગ નં ૬૪માં પટેલ પાર્ક, દેવલોક પાર્ક, બાલાજી પાર્ક, શ્રીરામ પાર્ક, શિવશક્તિ પાર્ક તથા ભાગ-૭૧માં કિંજલ પાર્ક, વૃંદાવન પાર્ક શેરી ૧ અને ૨, નાથદ્વારા પાર્ક, ભગવતી પાર્ક વિસ્તારમાં ઝોનલ ઓફીસરશ્રી રવિભાઈ ખીમાણી તથા ભાગ ૬૪ના બુથ લેવલ ઓફિસર સુશ્રી મયુરીબેન અને ભાગ નં.૭૧ના બી.એલ.ઓ. સુશ્રી મનીષાબેન કટારીયા દ્વારા ઘરે ઘરે જઈને મતદાન જાગૃતિ પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત ભાગ નં ૨૫૩માં હુડકો ક્વાર્ટર અને તેની આજુ બાજુના વિસ્તારોમાં તથા ભાગ નં ૨૨૧ તથા ૨૨૨માં જંગલેશ્વર વિસ્તાર પાછળ તથા દેવપરા વિસ્તારની આજુ બાજુના વિસ્તારોમાં ઝોનલ ઓફીસરશ્રી તથા બુથ લેવલ ઓફિસરશ્રી દ્વારા ઘરે ઘરે જઈને નસ્ત્રમતદાર જાગૃતિસ્ત્રસ્ત્ર પત્રિકા વિતરણ કરવામાં આવી હતી. આ સાથે બધા નાગરિકોને ચૂંટણીમાં અચૂક મતદાન કરવા તથા કરાવવા માટે અપીલ કરવામાં આવી હતી.

# રૂપાલા વિવાદમાં જામસાહેબનું વલણ એકાએક નરમ પડયું

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલા સામે ક્ષત્રિય સમાજમાં પ્રવતર્તી ભારે નારાજગી વચ્ચે ગઇકાલે જામનગરના પૂર્વ રાજવી જામસાહેબે લોકતાંત્રિક રીતે સજા આપવા રાજપૂત સમાજને હાકલ કરતા ગરમાવો આવી ગયો હતો.

દરમ્યાન આ વિવાદમાં જામસાહેબે એકાએક નરમ વલણ સાથેનું નિવેદન જાહેર કર્યુ છે. જેમાં તેઓએ સમાજના આગેવાનો અને ધર્મગુરૂ સમક્ષ રૂપાલા માફી માંગે તો ‘ક્ષમા વિરસ્ય ભુષણમ’ ધર્મ મુજબ માફી આપવા રાજપૂત સમાજને અપીલ કરી છે.સમાજના અપમાનનો મુદ્દો સર્વત્ર રોષ સાથે ફેલાઇ ગયો છે ત્યારે આ રોષને ગઇકાલે સમર્થન આપ્યા બાદ આજે પેલેસમાંથી વધુ એક નિવેદન બહાર આવ્યું હતું. આ તા.૧૦-૪-૨૪ના નિવેદનમાં જામસાહેબની સહી સાથેના પત્રમાં જણાવ્યું છે કે ગઇકાલના રૂપાલાજીના નિવેદન બાબતેનો પત્ર સાર્વજનીક થયા બાદ સમાજના ઘણા આગેવાનો, ધર્મગુરૂઓ અને અન્ય આગેવાનો સાથે વાત થઇ છે.મારા ધ્યાન પર આવ્યું છે કે રૂપાલાએ પહેલા બે વાર માફી માંગી લીધી છે. પરંતુ આટલું પુરતું નથી. નિવેદનની જગ્યા સમાજના પ્રમુખ, આગેવાનો અને ધર્મગુરૂઓ સામે માફી માંગવી જોઇએ. ફરી એકવાર રૂપાલા આ પ્રમાણે માફી તો ‘ક્ષમા વિરસ્ય ભુષણમ’ના આપણા ધર્મને યાદ કરી માફી માંગવી જોઇએ.આ ચૂંટણી નરેન્દ્ર મોદીજીને ત્રીજી વાર પ્રધાનમંત્રી બનાવવાની ચૂંટણી છે. આપણા ગુજરાતના શ્રી નરેન્દ્ર મોદીજીએ દેશને ખુબ આગળ વધાર્યો છે. દેશને સમૃધ્ધ અને સુરક્ષીત કર્યો છે. આપણા ધર્મ અને ભારતીય સંસ્કૃતિનું વિશ્વમાં માન વધાર્યુ છે. જે ધ્યાને લઇ આપણે આગળ વધવું જોઇએ...જય માતાજી જામનગરના જામસાહેબે પણ ક્ષત્રિય સમાજનું સમર્થન કરી લોકશાહી ઢબે સજા આપવા રૂપાલાને ચૂંટણીમાં હરાવવા મંતવ્ય આપ્યું હતું. એક અખબારી નિવેદનમાં જામનગરના પૂર્વ રાજવી જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજાએ આ વિષય અંગે પ્રતિક્રિયા જાહેર કરી છે. જણાવ્યું હતું કે, આ બારામાં હજુ સુધી કંઇ વધુ પડતું નથી બન્યું તે સારી વાત છે.કોઇ આપણું ખરાબ બોલી અપમાન કરે તો તેના અનુસંધાને આપણે પોતાની જાતને ભયંકર સજા ન આપવાની હોય પરંતુ અયોગ્ય વાત કરવાનો ગુન્હો કરે તેને સજા થવી જોઇએ. જે બહેનોએ વિરોધ કરવાની હિમંત દર્શાવી તેને મારા ધન્યવાદ છે પરંતુ જે કાર્યનો સંકલ્પ કર્યો હતો તેથી હું ટીકા કરૂ છું. કારણ કે ‘જોહર’નો પ્રશ્ન આ કિસ્સામાં બિલકુલ ઉપસ્થિત થતો જ નથી.આજના લોકશાહીના સમયમાં ગેરવાજબી રીતે નહીં પરંતુ લોકશાહીની રીતે એકતા બતાવી વિરોધ કરવામાં આવે. રાજપૂતોએ માત્ર હિંમત જ નહીં પરંતુ એકતા બતાવી દેવાની છે અને જણાવી દેવાનું છે કે રાજપૂતો હજુ ભારતમાં જ છે. આથી સહુ રાજપૂતો ભેગા મળી જે કોઇ આવું કૃત્ય કરે કે જે આપણને (રાજપૂત સમાજને) ન પોસાય ત્યારે ભેગા મળી તેને ચૂંટણીમાં હરાવો તેવી વાત કહી જામસાહેબે રાજપૂત સમાજને અપીલ કરી છે કે લોકશક્તિએ ભેગા મળીને લોકશાહીને અનુરૂપ સજા આપેલી ગણાય. આ નિવેદનના ૨૪ કલાક બાદ જ તેમણે આ વિવાદમાં હળવી ભૂમિકા જેવો સૂર જાહેર કર્યો છે. જામનગરના પૂર્વ રાજવી જામસાહેબે ૨૪ કલાકમાં ક્ષત્રિય સમાજના રૂપાલા સામેના વિરોધ અંગે બે નિવેદન જાહેર કર્યા છે. બંને નિવેદનમાં લેટરપેડ અને સહી અલગ હોવાની ચર્ચા શરૂ થતા પેલેસના જનસંપર્ક અધિકારી દ્વારા આ બંને પત્ર અને નિવેદન જામસાહેબના જ છે તેવું સ્પષ્ટ કર્યુ છે.ગઇકાલના નિવેદનમાં પેલેસનો લેટરપેડ અને જામસાહેબની સહી હતા. આજના નિવેદનમાં તેઓને અપાયેલ વિંગ કમાન્ડરની પદવી સાથેનું લેટરપેડ છે. સહી જુદી છતાં બંને નિવેદન જામસાહેબના જ છે. આ બંને પત્ર અંગે વિવાદનો કોઇ પ્રશ્ન નથી તેવું પેલેસ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટી સંચાલિત ‘‘મનુભાઈ વોરા ચિલ્ડ્રન-સિનિયર સિટિઝન પાર્ક’’નું રવિવારે લોકાર્પણ

## પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા , રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને સ્થાપક પ્રમુખ આર.ડી. આરદેશણાની પ્રેરક ઉપસ્થિતિ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શ્રી વજુભાઈ વાળા | શ્રી મુકેશભાઈ દોશી | શ્રી આર.ડી.આરદેશણા | શ્રી અજયભાઈ જોશી | પ્રો.જયદીપસિંહ ડોડિયા | શ્રી કૌશિક મહેતા | સુશ્રી અલકાબેન વોરા

૧૯૭૨માં સ્થપાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો.ઓ.હા.સો.લી. એ સુવર્ણ જયંતિ વર્ષની ભવ્ય રીતે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે.. મનુભાઈ વોરા મેમોરિયલ ફાઉન્ડેશન અને સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી નિર્મિત મનુભાઈ વોરા ચિલ્ડ્રન-સિનિયર સિટિઝન પાર્કનો લોકાર્પણ સમારોહ કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાના અધ્યક્ષ સ્થાને તારીખ ૧૪/૦૪/૨૦૨૪ ને રવિવારના રોજ સાંજે ૬:૩૦ કલાકે સોસાયટીની શેરી નં-૩ માં આવેલ રૂદ્રમુખી હનુમાન મંદિર પરિસરમાં યોજાશે.આ પ્રસંગે સોસાયટીના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે પ્રકાશિત સ્મૃતિ ગ્રંથનું વિમોચન કરવામાં આવશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી ઉપસ્થિત રહેશે. સોસાયટીના સ્થાપક પ્રમુખશ્રી આર.ડી આરદેશણા ખાસ ઉપસ્થિત રહેશે.


સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, મેનેજિંગ ટ્રસ્ટી અલકાબેન વોરા તથા વાઈસ ચેરમેન કૌશિક મહેતા ઉપસ્થિતિ રહેશે.

કાર્યક્રમનું સંચાલન ઈ.એન.ટી. સર્જન ડો. સેજલબેન ભટ્ટ અને જીતેશકુમાર એમ. પંડિત કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો .જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ, મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર, સહમંત્રી રમેશ સભાયા, શૈલેષ પટેલ, કૈલેશકુમાર તન્ના,ચાર્ટર્ડ એકાઉન્ટ ભરતભાઈ વાજા, ડો. દર્શન ભટ્ટ, ડી.પી. ત્રિવેદી, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# બેંક ઓફ બરોડા દ્વારા મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ભારતની આંતરાષ્ટ્રીય બેંક, બેંક ઓફ બરોડા દ્વારા લોકશાહી ના મહાપર્વ ચૂંટણી અન્વયે મતદાન અવશ્ય કરો, અંતર્ગત પોતાના ખાતેદારો માટે જાગૃતિ કાર્યક્રમ નો શુભારંભ કરેલ. બેંક ઓફ બરોડા દ્વારા જામનગર, દ્વારકા, પોરબંદર ની ૪૮ શાખાઓ માં કૃષિ એવમ નાણાકીય વ્યવહારો અર્થે આવતા બેંક ગ્રાહકોને વધુ ને વધુ મતદાન કરવા જાગૃત કરવા કાર્યક્રમ ની શરૂઆત




કરેલ છે. પોસ્ટર, સ્ટેમ્પ સહિત વિવિધ પદ્ધતિ દ્વારા બેંક ઓફ બરોડા ની પ્રત્યેક ૪૮ શાખાઓ માં મતદાતા જાગૃતિ અભિયાન અંતર્ગત મતાધિકાર નો ચોક્કસ ઉપયોગ કરવા અનુરોધ કરવા કાર્યક્રમ આયોજિત કરેલ છે. પાક ધિરાણ ના સમયે ખાસ કૃષિ ક્ષેત્રે, ગ્રામ્ય ક્ષેત્રે સંકળાયેલ ખેડૂતો ને મતદાન નું મહત્વ સમજાવવામાં આવી રહ્યું છે, સાથે સાથે બિઝનેસ, બચત ખાતા ધરાવતા ગ્રાહકો ને પણ આ મહત્વ સમજાવવામાં આવી રહ્યું છે. બેંક ઓફ બરોડા ના રીજ્યોનલ મેનેજર ચંદન સિંહ દ્વારા પ્રેસ મીડિયા સાથે ઉદ્‌બોધન માં કાર્યક્રમ ની વિસ્તૃત વિગત રજૂ કરવામાં આવેલ.

# જામનગરમાં બાળાઓએ મેળવી સ્વરક્ષણ તાલીમ

## સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત આપવામાં આવી રહી છે તાલીમ

**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર જિલ્લા પોલીસ દ્વારા એસપી પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત જામનગર શહેર તેમજ આજુબાજુના ગામો અને લાલપુર, કાલાવડ, ધ્રોલ-જોડિયાના ૩૪૦૦ મહિલાઓને સ્વબચાવની તાલીમ અંતર્ગત જુડો, કરાટે, હુસુની તાલીમ આપવામાં આવી હતી. ગિર સોમનાથના કરાટે એસોસિએશનના મહિલા ટ્રેનરો દ્વારા છેલ્લા છ મહિનામાં નિ:શુલ્કપણે ૧૫



દિવસીય તાલીમ અપાઈ હતી. તાલીમ મેળવનાર બાળાઓમાંથી ગુ.સા. મહેતા વિદ્યાલયની બાળાઓએ રાજ્યકક્ષાની ભચાઉમાં યોજાયેલી સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં ત્રીજા અને ચોથા ક્રમે તેઓ વિજેતા થયા હતા. તે પછી ગોવામાં પણ આ બાળાઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં રમઝાન ઈદની કોમી એખલાસભર્યા વાતાવરણમાં ઉજવણી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મુસ્લિમ સમાજ દ્વારા આજે ઈદ્-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ્)ની કોમી એખલાસ અને ભાઈચારાના વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે આજે સવારના મસ્જિદો અને ઈદગાહમાં મુસ્લિમ બિરાદરોએ વિશેષ નમાઝ અદા કરી પરસ્પર એકબીજાને ગળે મળીને ઈદની મુબારકબાદી પાઠવી હતી. આ તકે મુસ્લિમ બિરાદરોએ દેશની એકતા અને વિકાસ માટે દૂઆ માંગેલ હતી. રાજકોટમાં સવારના ૮ કલાકે સદર જૂમ્મા મસ્જિદમાં ૮-૩૦ કલાકે સદર ઈદગાહમાં તેમજ નહેરૂનગરની મસ્જિદ એ રઝા ખાતે સવારના ૭ કલાકે મુસ્લિમ બિરાદરોએ ઈદની વિશેષ નમાઝ અદા કરી હતી. શહેરની ૪૫ મસ્જિદોમાં ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે રમઝાન માસમાં આ વખતે ૩૦ રોઝા થતા મુસ્લિમ સમાજમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામેલ છે. રમઝાન માસ દરમિયાન રોઝાના સમયગાળો આ વખતે સરેરાશ ૧૪ કલાકનો રહેવા પામેલ હતો.

## રાજકોટ યાર્ડમાં ચણા તથા ઘઉંની મબલખ આવક....



(તસ્વીરઃ આનંદ જાવિયા)



રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મુખ્ય માર્કેટ યાર્ડમાં ઘઉં, ચણા સહિત અન્ય જણસીની ધૂમ આવક થઈ રહી છે. આજે રાજકોટ યાર્ડ ખાતે ચણાની ૯૦૦૦૦ થી ૧૦૦૦૦૦ મણ જયારે ઘઉંની ૧૦૦૦૦૦ થી ૧૧૦૦૦૦ મણ આવક થઈ હતી. યાર્ડ બહાર જણસી ભરેલા ૧૨૦૦ થી વધુ વાહનો ૮ કિ.મી. સુધી લાઈનમાં ઉભા હતા.

## સૌરાષ્ટ્રની બજારોમાં ફળોના રાજા કેરીની ધૂમ આવક





(તસ્વીરઃ આનંદ જાવિયા)

ચૈત્ર માસ શરૂ) થતા જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને આંબ્યો છે. ગરમી અને કેરી બંને એકબીજાના પૂરક છે. ગરમી શરૂ થતાં જ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ફળોના રાજા ગણાતી કેરીની ધૂમ આવક શરૂ થઈ છે. જો કે ગત વર્ષની તુલનામાં આ વર્ષે કેરીની કિંમતમાં ૨૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. હાલ બજારમાં હાફુસ કેરી રૂા.૪૦૦ થી ૬૦૦ પ્રતિ કિલો મળી રહી છે. જયારે કેસર કેરી કિલોના રૂા.૧૫૦ના ભાવે મળી રહી છે.

## સરગમ કલબની વાર્ષિક સાધારણ સભા તા.૧૪ના મળશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા ચાર દાયકાથી પણ વધુ સમયથી વિવિધ ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિ કરી રહેલા સરગમ કલબની વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૧૪/૦૪/૨૦૨૪ ને રવિવારે હેમુગઢવી હોલ માં સાંજે ૭/૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, ફક્ત સરગમ જેન્ટ્સ કલબના તમામ સભ્યોને આ વાર્ષિક સાધારણ સભામાં આઈકાર્ડ સાથે હાજરી આપવા જાણ કરવામાં આવેલ છે.નવા વર્ષમાં જેન્ટ્સ ગ્રુપમાં જે સભ્યો એ ફી ભરેલ છે તેને જ પ્રવેશ મળશે તેની નોંધ લેવી.

આ વાર્ષિક સાધારણ સભામાં ૨૦૨૩-૩૪નાં વાર્ષિક હિસાબો રજૂ કરી તેને બહાલી આપવામાં આવશે. આ ઉપરાંત ૨૦૨૪-૨૫ ની નવી યોજનાઓ અંગે ચર્ચા થશે અને નિર્ણય લેવાશે. આ સિવાય સરગમ કલબના વિવિધ વિભાગમાં ઈન્ચાર્જની નિમણુક અને આગામી પાંચ વર્ષ માટે કારોબારી સમિતિની નિમણુક પણ કરવામાં આવશે.

## રાજકોટના સિનિયર પત્રકાર માસુમાબેન ભારમલનું દુઃખદ અવસાન



રાજકોટના સિનિયર અને કર્તવ્યનિષ્ઠ પત્રકાર માસુમાબેન ભારમલનું આજે ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયું છે. અનેક અખબારોમાં પોતાની ધારદાર કલમ વડે લોકઉપયોગી સમાચારોને વાંચા આપનાર માસુમાબેને રમજાનના પવિત્ર માસમાં જ નાની ઉંમરે વિદાય લીધી છે. તેમની વિદાયથી રાજકોટ સહિત સમગ્ર ગુજરાતે એક સંનિષ્ઠ પત્રકાર ગુમાવ્યા છે.

## મેટોડામાં ભાઈના ઘરે રીસામણે બેઠેલી પત્નીને પતિ ધોકા વડે ફટકારી પગ ભાંગી નાંખ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ નજીક મેટોડા જીઆઈડીસીમાં રહેતી અને પતિના ત્રાસથી આઠ દિવસ પહેલા રિસામણે બેઠેલી યુવતિને કારખાનેથી સમાધાનના બ્હાને બોલાવી જઈ પતિએ ધોકા વડે મારમારી પગ ભાંગી નાખ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ મેટોડા જીઆઈડીસી ગેટ નં.૨ પાસે ભાઈના ઘરે રહેતી રસીલાબેન સાગરભાઈ ચાડ્યા (ઉ.વ.૩૨) નામની પરણીતાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગીરસોમનાથ વેરાવળ તાલુકાના નવાપરા ગામે રહેતા પતિ સાગર સુરેશભાઈ ચાડ્યાનું નામ આપ્યું છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદી યુવતિના પાંચેક વર્ષ પહેલા જ્ઞાતિના રિતરિવાજ મુજબ વેરાવળના નવાપરા ગામે રહેતા સાગર સાથે લગ્ન થયા હતાં અને લગ્ન બાદ પતિ નાની-નાની બાબતે ઝઘડા કરતો હોય જેનાથી કંટાલી પરણીતા આઠ દિવસ પહેલા મેટોડા ભાઈના ઘરે આવી રિસામણે બેઠી હતી. ફરિયાદી યુવતિ કારખાનામાં કામે ગઈ હતી ત્યાં પતિ સાગર મોટર-સાયકલ લઈ આવ્યો હતો અને સમાધાનની વાત કરી બાઈકમાં બેસાડી ઘરે લઈ જવાના બહાને ગેઈટ નં. ૧ તરફ લઈ જઈ રસ્તામાં ધોકા વડે મારમારી પગ ભાંગી નાખ્યો હતો. આ બનાવ અંગે પોલીસે યુવતિની ફરિયાદ પરથી ગુનો નોંધી હુમલાખોર પતિની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

## સમરસ હોસ્ટેલ પાસે ઝાડ પરથી પ્રૌઢની લટકતી હાલતમાં લાશ મળી

### મનહરપુર ગામે આઈમાનગરમાં રહેતા આધેડે બાવળના ઝાડમાં પ્લાસ્ટીકની દોરી બાંધેલી હાલતમાં ગળાફાંસો ખાધેલી લાશ મળતા પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા મનહરપુર ગામે આઈમાનગરમાં રહેતા આધેડનો યુનિવર્સિટી રોડ પર સમરસ હોસ્ટેલ સામેના પટમાં બાવળના ઝાડમાં લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. આધેડના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આધેડ સાથે દારૂ પીવા જતાં બે અજાણ્યા નેપાળી શખ્સોએ હત્યા કર્યાનું પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ મનહરપુર ગામે આઈમાનગરમાં રહેતા ભરતભાઈ ગીધાભાઈ રાઠોડ નામના ૫૦ વર્ષના આધેડનું યુનિવર્સિટી રોડ પર આવેલી સમરસ હોસ્ટેલ સામેના પટમાં બાવળના ઝાડમાં પ્લાસ્ટીકની દોરી બાંધેલી હાલતમાં ગળેફાંસો ખાધેલી લાશ મળી આવી હતી. આધેડના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ ઘટના અંગે જાણ થતાં યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક ભરતભાઈ રાઠોડ આઠ ભાઈ બે બહેનમાં વચેટ હતાં અને તેમને સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી છે. ભરતભાઈ રાઠોડ દારૂ પીવાની ટેવ ધરાવતાં અને તેમણે બાવળના ઝાડમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની તેમના નશેડી મિત્રોએ જાણ કરી હતી. પરિવારે આધેડની હત્યા કરી મૃતદેહ લટકાવી દીધો હોવાનો આક્ષેપ કર્યો છે.

## એપાર્ટમેન્ટમાં પાણીની સમસ્યા બાબતે રજુઆત કરનાર વૃધ્ધ પર બે શખ્સોનો હુમલો

### બિલ્ડરને વાત કરતાં હતાં ત્યારે પાણીના ફેરા નાંખતો અને ફ્લેટ ધારકને મારમારતાં પ્રૌઢ સારવારમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પામ યુનીવર્સ એપાર્ટમેન્ટમાં પાણીની સમસ્યાની રજુઆત કરવાં ગયેલ ૬૯ વર્ષીય પંકજભાઈને પાણીના ફેરા નાંખતો અવિનાશ અને ફ્લેટ ધારક ચંદ્રેશ ઉર્ફે મહાજને મારમારતાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રૈયારોડ ગંગોત્રી પાર્ક મઈન રોડ પર પામ યુનીવર્સ એપાર્ટમેન્ટ ઈ-૫૦૨ માં રહેતાં પંકજકુમાર દીનકરરાય શુકલ (ઉ.વ.૬૯) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ચંદ્રેશ રાણપરા ઉર્ફે મહાજન અને અવનીશ રાખોલીયાનું નામ આપતાં યુનિવર્સિટી પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૫, ૫૦૪,૫૦૬ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ગઈ તા.૦૭ ના રોજ બપોરના સમયે પામ યુનીવર્સ એપાર્ટમેન્ટની ઓફીસમા પંદરેક સભ્યો હાજર હતા અને બીલ્ડર જે.ડી.કાલરીયા, જયભાઈ ભાલારા સાથે બીલ્ડીંગમાં પાણી ન આવતુ હોય તે બાબતના પ્રશ્નોની ચર્ચા કરતા હતાં. ત્યારે ચંદ્રેશ અમારી વાત સાંભળતા ન હોય જેથી તેને વારે ફરતી રજુઆત કરો અને વચ્ચે ના બોલો તેવુ કહેતાં ત્યારે અવનીશ રાખોલીયા સભાસદના સભ્ય ન હોય તેમ છતા મીટીંગમાં આવેલા અને પાણી બાબતના પ્રશ્નમા તેઓ બન્ને બોલાચાલી કરી ગાળો બોલવા લાગેલા અને ચન્દ્રેશે ઉશ્કેરાય જઈ ફડાકા ઝીંકી ઢીકાપાટુનો માર મારવા લગેલા અને અવનીશે હાથ પકડી ત્યા પડેલ ટેબલ ઉપર પછાડતા આંગળીમા ફેક્ચર થયું હતુ. તેમજ પેન રાખવાના સ્ટેન્ડનો છુટો ઘા કરેલ હતો. દરમિયાન અવનીશ બોલવા લાગેલ કે, આપણા બાલાજી ગૃપના સભ્યોને બોલાવી લાવો આજે તો આને મારી નાખવો છે ? તેવી ધમકી આપી હતી. બાદમાં ઈજાગ્રસ્તને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

## ઘંટેશ્વર ૨૫ વારિયા કવાર્ટરમાં ભંગારના ધંધાર્થીના મકાનમાં સાઢુભાઈએ હાથફેરો કર્યો

### પુત્રીની માનતા પુરી કરવા યુવાને જેના પાસેથી હાથ ઉછીના લીધેલા નાણાં લીધા હતા તેને જ ચોરી કરીઃ રૂા.૩૯ હજારના મુદ્દામાલ સાથે આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં ભંગારના ધંધાર્થીના મકાનમાં બે દિવસ પહેલાં પુત્રીની માનતા માટે રાખેલા રોકડ અને દાગીનાની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી માધાપર ચોકડી પાસેથી ભોગ બનાનારના સગા સાઢુભાઈને પકડી તમામ રૂ.૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર ઘંટેશ્વર ૨૫ વારીયા ચિથરીયાપીરની દરગાહ પાસે રહેતાં કિશનભાઈ જેરામભાઈ જીજીંજવાડીયા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે,દંપતી ઘરની બાજુમા રહેતા સાઢુભાઈ આકાશભાઈ કિશનભાઈ વણોદીયા પાસેથી ગઈ તા. ૦૬/૦૪ ના રાત્રીના રૂ. ૨૦ હજાર રોકડા હાથ ઉછીના લીધેલા બાદ બંન્ને ઘરે આવેલા અને રુપિયા ઘરના કબાટની તિજોરીમાં રાખેલ હતાં.

ગઈકાલે દંપતી સવારના આઠેક વાગ્યે કામે નિકળી ગયેલ બાદ તેઓ બપોરના એકાદ વાગ્યે ભંગારની ફેરી કરી ઘરે પરત આવેલો ત્યારે ઘરે બધુ વ્યવસ્થિત હતુ. બાદમાં ફરી તેઓ આજીડેમ ચોકડી ખાતે રવિવારી બજારમાં ગયેલો ત્યારબાદ સાંજના સાતેક વાગ્યે અમારા ઘરે પરત આવી અને જોયુ તો ઘરમા કબાટનો કાચ તુટેલો હતો અને લોક પણ તુટેલો હતો.જેથી કબાટ ચેક કરતા તિજોરીનો પણ લોક તુટેલો હતો. જેમાં રાખેલાં સોના, ચાંદીના ઘરેણા તથા રોકડ રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૩૯ હજારના મુદ્દામાલની કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી નાસી છૂટ્યા હતાં.માધાપર ચોકડીથી આગળ જામનગર રોડ પરથી આકાશ કિશન વણોદીયા ને દબોચી ચોરીનો તમામ રૂ.૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછતાછમાં તે ફરિયાદીનો સગો સાઢુભાઈ થાય છે. તેમજ ચોરી પહેલાં જ આરોપીએ તેના સાઢુભાઈને રૂ.૨૦ હજાર ઉછીના આપ્યા હતાં અને તે જ રૂપિયા સહિત અન્ય મુદ્દામાલની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી.

## ૨૦ કિલો ગાંજા સાથે ઝડપાયેલા આરોપીના જામીન મંજુર કરતી હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભકિતનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડાયેલા ૨૦ કિલો ગાંજાના કેસમાં આરોપી બલવીર આહીરવાલના શરતી જામીન હાઈકોર્ટે મંજૂર કર્યા છે.

આ કેસની હકિકત મુજબ, ગત તારીખ ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ ભક્તિનગર પોલીસે દ્વારા ૨૦ કિલો જેટલો ગાંજાનો જથ્થો પકડવામાં આવ્યો હતો. પોલીસે એન.ડી.પી.એસ. ની કલમ : ૮(સી), ૨૦(બી), ૨૯ મુજબ ગુન્હો નોંધી. આરોપી બલવીર હરનારાયણ આહીરવાલ તેમજ અન્ય એક આરોપીની ધરપકડ કરી હતી. આરોપીને જેલહવાલે કરી પોલીસે તપાસના આધારે કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી.આરોપી દ્વારા સેસન્સ કોર્ટમાં જામીન અરજી કરતા નામંજુર થયેલી જેથી હાઈકોર્ટમાં જામીન અરજી કરેલી જે જામીન અરજી ચાલવા પર આવતા આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલા ધારદાર દલિલો અને આ કેસમાં આરોપીનો રોલ સહિતની હકીકતો કોર્ટમાં રજૂ કરી હતી.

ન્યાયાધીશ દ્વારા વકીલે કરેલી રજુઆતો તેમજ સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના અન્ય ચુકાદાઓ ધ્યાને લઈ આરોપીના શરતી જામીન મંજુર કરવામાં આવ્યાં હતાં. આ કામમાં આરોપીના વકીલ તરીકે ચેતન વિઠ્ઠલાપરા, સાગર સરવૈયા, લવજી ભજગોતર, વિજય વણઝારા, કિરીટ ગોહિલ, જયદીપ બથવાર, સંજય ચાવડા, ભાવેશ જેઠવા, પી. બી. જેઠવા, એમ. એમ. રાઠોડ તેમજ મદદનીશ તરીકે કિશન ભીમાણી, જેનીલ ચૌહાણ, સુરેશભાઈ કરકર, આર. કે. દેત્રોજા, એસ.સી.વિઠ્ઠલાપરા, એચ.એસ. વિઠ્ઠલાપરા રોકાયેલ હતા.

## સસ્તામાં આઈફોન ખરીદવાની લાલચમાં યુવાને ગુમાવ્યા રૂા.૪૦ હજાર

### ખોટા નામની આઈડી બનાવી નવા થોરાળાના યુવકને અલગ અલગ દુકાને મોકલી બાદમાં ઓનલાઈન રૂપીયા પડાવી હાથ ઊંચા કરી દિધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા થોરાળાના યુવકે ફેસબુકમાં જોયેલી જાહેરાતમાં સસ્તો આઈફોન લેવા જતાં જયદીપ ઝાલા નામના શખ્સે રૂ૪૦ હજારની છેતરપીંડી આચરતાં થોરાળા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ ભાવનગર રોડ પર નવા થોરાળામાં ન્યુ વિજયનગરમાં રહેતાં હિતેષભાઈ મોહનભાઈ પરમાર (ઉ.વ.૨૪) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે મોબાઈલ ફોનમાં ફેસબુક એપ્લીકેશન જોતો હતો ત્યારે એપ્લીકેશનમાં "Kartik Dodiya ના નામની આઈ.ડી. જોવામા આવેલ અને તેમાં માર્કેટપ્લેસ નામના મેનુમાં જોતા આઇફોન ૧૩- પ્રો ૨૫૬ જીબી મોબાઈલ ફોન વેચવાની એડ જોવામા આવેલ હતી. તેને તે મોબાઇલ ફોન લેવાનો હોય જેથી આઈ.ડી.માં મેસેજ કરતા મોબાઇલ નંબર આવેલ હતા. જેથી મો. નંબર ૯૦૧૬૦૬૩૬૮૦ ઉપર ફોન કરતા રોનક નામના યુવકે ફોન ઉપાડેલ અને આઇફોન લેવા બાબતે વાત કરતા તેણે કહેલ હતુ કે, રેલનગર રાધે ચોક પાસે આવેલ રવેચી મોબાઇલ નામની દુકાને તે મોબાઇલ ફોન છે,બાદમાંતા.૧૨/૦૩/૨૦૨૪ ના તેના મિત્ર મેહુલભાઈ ચાવડા સાથે રાધે ચોક પાસે આવેલ રવેચી મોબાઈલ નામની દુકાને ગયેલ.

બાદ ગઈ તા.૧૩/૦૩ ના તેને ફોન કરેલ કે, તમે હવે ગોંડલ રોડ પર પુજારા મોબાઈલની સામે આવેલ દુકાને જવાનું કહેતાં તે દુકાને ગયેલ અને દુકાનના મેનેજરે કહેલ કે, રોનકે તેને પણ ફોન કરેલ અને તમને મોબાઈલ ફોન બતાવવાનું કહેલ છે. જેથી દુકાનમાં રહેલ મોબાઈલ ફોન જોયેલ જેમા ૧૩ પ્રો-મેકસ મોબાઈલ ફોન પસંદ આવેલ અને તેની કિંમત રૂમ.૮૦ હજાર જણાવેલ હતી.` ઓનલાઈન ચુકવશો એટલે દુકાન વાળો તમને મોબાઈલ ફોન આપી દેશે, જેથી તેને રૂપિયાનું ઓનલાઇન પેમેન્ટ કરેલ હતુ. ઓનલાઇન પેમેન્ટ કરતા તેમા 'ચેહરાજી ઠાકો નામ આવેલ હતુ.ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ હુ દુકાનમા ગયેલ અને મોબાઇલ ફોન માંગતા તેણે કહેલ કે, તમે મને મોબાઈલ ફોનની જે કિંમત છે તે આપો એટલે હુ તમને મોબાઇલ ફોન આપું જેથી તેમને મોબાઇલ ફોનનુ પેમેન્ટ રોનકને ઓનલાઈન કરી આપેલ છે.

બાદમાં તેને ફોન કરતા તેઓએ કહેલ કે, હું ડ્રાઇવીંગ કરૂ છુ હમણા દસ મીનીટમાં પેમેન્ટ મોકલુ છું કહેતાં આઈડી અને મોબાઈલ નંબર અંગે તપાસ કરતાં તે જયદીપ વિઠ્ઠલ ઝાલા નામના શખ્સનું હોવાનું સામે આવતાં તેના વિરુદ્ધ છેતરપીંડીની ફરીયાદ નોંધાવી હતી.

